
## વડીલોને વંદન અભિનંદન



કાન્તિભાઈ ડી. પરમાર
(૧૯૪૫) મો. ૯૮૭૯૯૯૨૦૬૩



ખોડીદાસ એમ. જાદવ
(૧૯૩૯) મો. ૯૪૨૯૪૨૮૬૧૨



સિરાજ. એસ. વ્હોરા
(૧૯૫૫) મો. ૯૯૨૫૮૩૪૨૯૦

## મોદી ૮ અને અડવાણી ૧૧ વાગે મત આપશે

અમદાવાદ, તા. ૨૯

ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાનપદના ઉમેદવાર અને રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલ તા. ૩૦-૪-૧૪ને બુધવારના રોજ સવારે ૮:૦૦ કલાકે નિશાન વિદ્યાલય, રાણીપ, અમદાવાદ ખાતે ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અને નારણપુરા વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય અમિત શાહ સવારે ૧૦:૦૦ કલાકે નિષ્કલ સ્કુલ, નારણપુરા ખાતે જ્યારે રાષ્ટ્રીય નેતા અને ગાંધીનગર લોકસભાના ઉમેદવાર લાલકૃષ્ણ અડવાણી શાહપુર ખાતે મ્યુનિસિપલ શાળા, ભરડીયા વાસ, ખાનપુર અમદાવાદ ખાતે સવારે ૧૧:૦૦ કલાકે મતદાન કરશે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર

# આજે જે નેતા હાથ જોડે છે, ચૂંટાયા પછી પ્રજાએ તેના પગ પકડવા પડે છે

**દેશનુ શાસન કોઈ એક વ્યક્તિ ના કરી શકે પરંતુ તેનામાં કામ લેવડાવવાની આવડત જરૂર છે : આંતરરાષ્ટ્રીય સ્તરે દેશ સન્માનની નજરે જોવાય તે અગત્યનું છે : મહિલાઓ આ દેશની સૌથી મોટી શક્તિ છે, તેમનુ સન્માન જળવાય તેવો માહોલ આપવો જોઈએ**

## ઈલેક્શન લાઈવ

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાતમાં લોકશાહીના પવિત્ર મંદિરમાં આવતીકાલે મતદાન ઉત્સવ ધામધૂમથી ઉજવાશે. સત્તા નામની કન્યાને વરવા થનગની રહેલા ઉત્સુક



ઉમેદવારો આ કન્યાના બાપ સમાન મતદારોને રીઝવવા કંઈ કેટલાય પ્રકારના ગતકડા કરી ચૂક્યા છે. હવે વરમાળા કોના ગળામાં પહેરાવવી તે માટે કન્યાનો બાપ આવતીકાલે ઈશારો કરશે.

આ વખતની ચૂંટણીઓમાં એક આખી નવી પેઢી ઉમેરાઈ છે. તો રસોડાની રાણીએ પણ પોતાનુ વર્ચસ્વ વધાર્યુ છે. ગાંધીનગરમાં એક તરફ ધીમે ધીમે ખુલી રહેલી લગ્નસરાની મૌસમ અને કર્મચારીનગરના એલટીસી પ્રાપ્ત પરિવારોના લોંગ ડીસ્ટન્સના આગોતરા બુકીંગ સાથે ગરમીના પારાએ પણ સડસડાટ ઉર્ધ્વ ગતિ કરતા કેટલા ટકા મતદાન થશે તે ચર્ચાએ પણ જોર પકડ્યું છે. જો કે માત્ર આ એક જ વખતે 'આંગળી બતાવતો ફોટો' અભદ્ર ના લાગતો હોઈ હરખપદુડા 'નેટીઝન્સ' વોટીંગ કરવા તલપાપડ બન્યા છે તે રણમાં મીઠી વીરડી સમાન છે. લોકશાહીના આ મહાઉત્સવમાં દુનિયા આખી ભારતના ભવિષ્યના નિર્ણયને જાણવા આતુર થઈને બેઠી છે ત્યારે 'ઈલેક્શન લાઈવ'ની ટીમ તમામ મતદારોને પોતાનો મત જરૂરથી આપવા હાર્દિક અનુરોધ કરે છે. ઈલેક્શન લાઈવની આજની આ છેલ્લી કડી આપની સમક્ષ સહર્ષ રજૂ કરી રહ્યા છીએ. ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલ ખાતે આવેલ હરિનગર સોસાયટીમાં રહેતા એક ઓટોમોબાઈલ ગેરેજ ચલાવતા રાકેશભાઈ જાની ગુજરાત સરકારના ૨૪ કલાક વિજળીના દાવાને પડકારતા આક્રોશપૂર્ણ રીતે પૂછે છે કે "જો ખરેખર રાજ્યમાં ૨૪ કલાક વિજળી હોય તો વાવોલમાં છાશવારે કેમ વિજળી ડૂલ થઈ જાય છે? શું શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારમાં ભેદભાવ નથી કરાતો?' રાકેશભાઈના મતે તેઓ યોગ્ય ઉમેદવારને જ પોતાનો મત આપશે પછી ભલે તે ગમે તે પક્ષનો હોય. તેમના મતે ગૌહત્યા જેવા અગત્યના મુદ્દે આજ સુધી કોઈ સરકારે અસરકારક પગલાં ભર્યા નથી. વળી, દેશમાં ૩૫ ટકા મહિલા અનામતનું પાલન થવુ જરૂરી છે. કારણ કે મહિલાઓ જ આ દેશની સૌથી મોટી તાકાત છે. વડાપ્રધાનપદ માટેના પ્રશ્નના જવાબમાં રાકેશભાઈના મતે બધા સરખા જ છે. પરંતુ નરેન્દ્ર મોદી બીજા હાજર વિકલ્પોની સરખામણીએ પસંદ કરી શકાય.

સચિવાલય પાસે આવેલ મીના બજારમાં ચાની કિટલી ચલાવતા ઘનશ્યામભાઈ પ્રજાપતિના મતે પણ કોઈ નેતા સ્વચ્છ નથી હોતા, જે સેવા કાર્યો કરતા હોય તેવા આગેવાન પર થોડો ઘણો વિશ્વાસ મુકી શકાય પરંતુ અત્યારના સમયે જે નેતાઓ રાજનીતિ કરી રહ્યા છે તે બધા 'ચોરના ભાઈ ઘંટી ચોર' જ છે. તેમનું કહેવું છે કે ચૂંટણી સમયે દરેક પાર્ટી અને દેશના રાજકારણીઓ પ્રજાને મોટા મોટા સપના દેખાડે છે, ચૂંટણીઓ પત્યા પછી બધા ક્યાં ખોવાઈ જાય છે તે જ ખબર પડતી નથી. જે નેતા અત્યારે લોકોને બે હાથ જોડીને મત માટે કરગરે છે તે જ નેતા ચૂંટાયા પછી પગ પકડવા છતાં કામ કરતા નથી. આજ કારણથી આ દેશમાં જ્ઞાતિવાદ રાજકારણ રમાય છે. જો તમારી જ્ઞાતિના મત જેટલા વધુ હોય તેટલા તમારા કામ પૂરા થવાના ચાન્સ વધુ રહે છે. તેમના મતે આ દેશમાં શિક્ષણમાંથી ભેદભાવ દૂર નહી કરાય ત્યાં સુધી કોઈનુ ભલુ થવાનુ નથી. વળી, ભ્રષ્ટાચારને ડામવા માટે ખૂબ જ કડક કાયદા અને તેનુ અમલીકરણ છે. ઘનશ્યામભાઈ કહે છે કે આ દેશમાં ભ્રષ્ટાચાર એટલો સહજ રીતે આચરવામાં આવે છે કે વાત ના પૂછો. મારી ચાની કિટલી પર કટીંગ ચા પીવાય ત્યાં સુધીમાં કોઈકની ફાઈલ ગુમ થઈ જવાનુ અથવા તો કોઈકના હક્કની નોકરી બીજા કોઈકને મળી જવાનું નક્કી થઈ જાય છે, આવા કેટલાય કિસ્સા મે નજરે જોયેલા છે. જ્યાં સુધી સ્વચ્છ ઉમેદવારને મત નહી આપીએ અને તે સ્વચ્છ ઉમેદવાર પણ પક્ષાપક્ષી ભૂલીને દેશનું હિત નહી વિચારે ત્યાં સુધી આવુ ચાલ્યા જ કરવાનું છે.

સેક્ટર-૩માં રહેતા હિતેષ ભટ્ટના મતે ગુજરાત સરકારની કામગીરી ઘણી જ સારી રહી છે. છતાં હજુ પણ એમાં વધુ સુધારાની જરૂર છે. તેમના મતે રાજ્યમાં વિકાસ જરૂર થયો છે તેમજ રાજ્ય છાશવારે થતા કોમી તોફાનોમાંથી બહાર આવ્યું છે તે મોટી વાત છે. એક સમય એવો હતો કે અહીંથી અમદાવાદ કોટ વિસ્તારમાં ખરીદી કરવા જવુ હોય તો ત્રણ જગ્યાએ પુરતી તપાસ કર્યા પછી જ જવાનુ અને છતાં જ્યાં સુધી ઘરે પાછા ના ફરો ત્યાં સુધી પરિવારજનોના જીવ પણ ઉચાટમાં રહેતા હતા. છેલ્લા દસ વર્ષથી આ કોમી તોફાનો બંધ થઈ જતા ઘણી હાશ થઈ છે અને તે વિસ્તારના વેપારીઓને પણ મોટી રાહત થવા પામી છે. હિતેષભાઈના કહેવા મુજબ ગુજરાતમાં થયેલ કાર્ય જોયા પછી નરેન્દ્ર મોદીને એક તક આપવી એ જ યોગ્ય ગણાશે. અત્યાર સુધી દેશમાં કોંગ્રેસે સૌથી વધુ રાજ કર્યુ છે પરંતુ સૌથી વધુ ભ્રષ્ટાચાર અને મોંઘવારી તેના સમયે જ નોંધાય છે. આ વખતની યુપીએ સરકારે તો દેશની સુરક્ષાથી લઈને ઘરમાં મહિલાઓની સેફ્ટી જેવી તમામ બાબતે વિશ્વમાં ભારત દેશને નીચાજોણુ કરાવ્યું છે, સૌથી નબળા વડાપ્રધાન પછી કોંગ્રેસ કયા મોઢે મત માગવા નીકળી છે તે જ સમજાતુ નથી.

વધુ એક યુવા મતદાતા રાજુ દેસાઈ સેક્ટર-૭માં રહે છે. જેઓ માત્ર અને માત્ર નરેન્દ્ર મોદીને વડાપ્રધાનપદે જોવા માંગે છે. તેમના મતે અત્યાર સુધીમાં નરેન્દ્ર મોદી જ એક માત્ર એવા નેતા છે જેમણે ખરેખરા અર્થમાં કામ કર્યા છે અને તે દેખાઈ પણ રહ્યા છે, જો તેઓ આ દેશમાં સત્તા સંભાળશે તો સો ટકા આ દેશનો વિકાસ થશે અને વિશ્વભરમાં ભારતની ઈજ્જત ખૂબ વધશે, આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનો અવાજ ખૂબ જ મજબૂત થશે. રાજુ કહે છે હું કોઈ પક્ષનો કાર્યકર નથી પરંતુ નરેન્દ્ર મોદીને જીતાડવા હુ મારી જ્ઞાતિના તમામ મતદાતાઓને મત આપવા વિનંતી કરવાનો છુ અને મારા જ્ઞાતિજનોને જો જરૂર પડશે તો હુ મતદાન મથકે લઈ જવા મારી સેવાઓ પણ આપીશ. રાજુ દેસાઈના મતે ભારતની સૌથી મોટી સમસ્યા ભ્રષ્ટાચાર અને નબળી વિદેશ નીતિ છે, સ્થાનિક સ્તરે તેમના મતે શિક્ષણમાં સુધારો કરવો જરૂરી દેખાય છે. આ ઉપરાંત તેઓ ગાંધીનગર રેલવે સ્ટેશનને વધુ ટ્રેઈનો મળે અને દિવસ-રાત ધમધમતુ થાય તેવુ ઈચ્છે છે.

ઈલેક્શન લાઈવ વાંચીને પોતાનો અભિપ્રાય આપવા પ્રેરિત થયેલા પરેશભાઈ દવે ગાંધીનગરના સેક્ટર-૧૧માં એક વિમાકંપનીના બ્રાન્ચ મેનેજર છે. તેમના મતે તેઓ પક્ષમાં બીલીવ નથી કરતા પરંતુ જે ઉમેદવારને મત આપે તે એજ્યુકેટેડ હોય તે ખાસ ધ્યાન રાખે છે. કારણ કે શિક્ષિત નેતા જ સારી રીતે સમજી શકે કે દેશને કઈ રીતે આગળ લઈ જવો છે. તેમજ સાથે સાથે તે લોકોની સમસ્યાને પણ વધુ સારી રીતે સમજી શકે. પરેશભાઈના મતે આયાતી ઉમેદવાર અંગે તેમણે કોઈ વાંધો નથી, ઉમેદવાર ભારતીય હોય તેટલુ પુરતુ છે. કારણ કે દરેક ભારતીયને દેશમાં ગમે ત્યાંથી ચૂંટણી લડવાનો અધિકાર છે. પરેશભાઈ કહે છે મોંઘવારીમાં પ્રજા પીસાઈ રહી છે તેમજ દેશમાં નારીશક્તિને ખરાબ નજરે જોવાઈ રહી છે તે સદંતર બંધ થવુ જોઈએ. એવા કાયદાની આ દેશમાં જરૂર છે જેના કારણે મહિલાઓ પુરુષોની જેમ જ આઝાદીથી હરી-ફરી શકે અને તેમને મળતા તમામ હક્ક અને અધિકારો ભોગવી શકે. દવે સાહેબના મતે છેલ્લા દસ વર્ષમાં મીલીભગતની સરકાર રચાઈ જેમાં વડાપ્રધાન પણ તેમના હાઈકમાન્ડની મંજૂરી વગર કોઈ નિર્ણય લઈ શકતા નહોતા જેના કારણે દેશનો વિકાસ રૂંધાઈ ગયો છે. નરેન્દ્ર મોદીમાં દેશને નિરાશાની ગર્તામાંથી બહાર કાઢી વિકાસ તરફ લઈ જવાની ક્ષમતા છે, પુરી શક્તિ છે અને તેઓ એક નીડર નેતા છે. પરેશભાઈ માને છે કે દેશનું સાશન ક્યારેય કોઈ એક વ્યક્તિ ના કરી શકે પરંતુ તેનામાં લોકો પાસેથી કામ કરાવવાની આવડત હોવી જરૂરી છે. ભલે અર્થશાસ્ત્ર ના જાણે પણ આ દેશમાં ઘણા અર્થશાસ્ત્રીઓ છે તેમની મદદ લઈને યોગ્ય નિર્ણય તો લઈ શકે ને?

વાચકમિત્રો, અત્યાર સુધીના 'ઈલેક્શન લાઈવ'માં અમોએ વિવિધ વિસ્તારના, દરેક વયના અને અલગ અલગ વ્યવસાય ધરાવતા મતદાતાઓને રૂબરૂ મળી તેમના અભિપ્રાય જાણવા કોશીષ કરી છે. કેટલાક લોકોએ અમને નિર્ભયપણે તેમના વિચારો જણાવ્યા તો કેટલાકે વાત કરવાનું સુદ્ધા ટાળ્યુ હતુ. આમ છતાં અમોને મતદારોએ જે જણાવ્યુ તે જ અમે વાચકો સમક્ષ મુકવા પ્રમાણિકપણે સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે અને ઘણા બધા વાચકોના પ્રતિભાવોમાં તેમણે અમારા આ પ્રયાસને બિરદાવ્યો છે, પસંદ કર્યો છે તે બદલ અમો આપ સર્વે વાચકોના હૃદયથી આભારી છીએ અને અંતમાં દરેક મતદાતાને દેશમાં સ્થિર, સુશાસન અને સ્વચ્છ સરકાર ચૂંટવા મતદાન અવશ્ય કરશો તેવી આગ્રહભરી વિનંતી કરીએ છીએ.

## નરેન્દ્ર મોદીને ૩૦૦ થી વધુ બેઠકો મળવાની ધારણા

ઈલેક્શન લાઈવ ટીમને ગુજરાત સરકારના અન્ન અને નાગરિક પુરવઠા કચેરીના નિવૃત્ત અધિકારી વિરાભાઈ પટેલે પોતાની તર્કદૃષ્ટિથી આ વખતની લોકસભાની ચૂંટણીઓમાં નરેન્દ્ર મોદીને ૩૦૦ થી વધુ બેઠકો મળવાની ધારણા રજૂ કરી છે. તેમના મતે તામિલનાડુ, કેરાલા, આંધ્રપ્રદેશ અને પશ્ચિમ બંગાળ એમ કુલ ચાર રાજ્યોની ૧૪૩ બેઠકોમાં મોદી લહેરના કારણે ૩૦ ટકા બેઠકો મળે તો પણ કુલ ૪૦ બેઠકો ભાજપને મળે અને આ સિવાયના રાજ્યોની કુલ ૪૦૦ બેઠકોમાં ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ આ ચાર રાજ્યોમાં ભાજપનું વર્ચસ્વ વધુ હોવાથી કુલ ૪૦૦માંથી ભાજપને ૮૦ ટકા બેઠકો મળવાનુ અનુમાન કરી શકાય. જો આમ થાય તો ભાજપને ૨૭૫ થી ૨૮૦ બેઠકો મળી શકે, સરવાળે ૩૦૦ થી વધુ બેઠકો નરેન્દ્ર મોદી મેળવશે તેવુ સ્પષ્ટ જણાય છે.



## NEWS બિટ્સ

**ચુંટણી સંબંધિત ફરજ ઉપર ૨૨ અધિકારીઓના મોત થયા**

લોકસભાની ચુંટણીના જુદા જુદા તબક્કાના ભાગરૂપે તૈનાત કરવામાં આવેલા સુરક્ષા જવાનો સહિત આશરે ૨૨ અધિકારીઓના ચુંટણી ફરજ પર મોત થયા છે. ચુંટણી દરમિયાન થયેલી હિંસા સહિત સ્વાસ્થ્ય સંબંધિત કારણોથી અવસાન પામેલા અધિકારીઓ, સુરક્ષા જવાનોને આપવામાં આવતા વળતરમાં વધારો કરવામાં આવ્યો છે. હિંસા દરમિયાન માર્યા ગયેલા સુરક્ષા જવાનોને ૨૦ લાખ અને અન્યોને ૧૦ લાખનું વળતર હવેથી ચુંટણી પંચ આપશે.

**નરેન્દ્ર મોદીનો ચુંટણી પ્રચારમાં વિક્રમ**

ભાજપાના વડાપ્રધાનપદના દાવેદાર નરેન્દ્ર મોદીએ ચુંટણી પ્રચારનો વિક્રમ સર્જયો છે. ચુંટણી પ્રચાર માટે તેઓએ અત્યાર સુધી ત્રણ લાખ કિમી જેટલો પ્રવાસ કર્યો છે. આ દરમિયાન મોદીએ ૨૫ રાજયોમાં ૪૩૭ જાહેરસભાઓ સંબોધી છે. જયારે ૧૩૫૦ જેટલી થ્રીડી સભાઓ તેમણે સંબોધી છે.

## ઈવીએમ મશીન સ્ટ્રોંગરૂમમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ્યારે આગામી ૧૬ મે ના રોજ ચૂંટણી પરિણામ જાહેર થશે. આ દરમિયાન મતદાનના અંતે ગાંધીનગરની ૭ વિધાનસભા મત વિસ્તારના ઈ.વી.એમ. મશીનો પણ સ્ટ્રોંગરૂમમાં સીલ કરી દેવાશે. આ માટે સે. ૧૫ સ્થિત સરકારી વિનિયન કોલેજ ખાતે ૭ સ્ટ્રોંગરૂમ તૈયાર કરી દેવાયા છે. મતદાનના અંતે આ ઈ.વી.એમ. મશીનો સાથે સ્ટ્રોંગરૂમ જડબેસલાક રીતે સીલ કરી દેવાશે. કાઉન્ટીંગ માટે પણ આ જ સ્થળે વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

## મોદી આજે બિહારમાં ૪ ચૂંટણી સભાઓ યોજશે

ભાજપ પ્રદેશ મિડીયા સેલની એક યાદી જણાવે છે કે, આવતીકાલે તા. ૩૦-૪-૧૪ને બુધવારના રોજ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી બિહારમાં ચાર ભારત વિજય ચૂંટણી સબાઓ સંબોધશે. નરેન્દ્ર મોદી બિહારના સમસ્તીપુર ખાતે સવારે ૧૦:૪૫ કલાકે, શિયોહરના કિસાન ભવન મેદાન ખાતે બપોરે ૧૨ કલાકે, છપરાના એરોડ્રામ ગ્રાઉન્ડ ખાતે બપોરે ૧:૩૦ તથા હાજીપુરાના સુલતાનપુરના વાસ્તુ વિહાર ઈન્ડસ્ટ્રીયલ એરિયા ખાતે બપોરે ૨:૩૦ કલાકે જાહેરસભા સંબોધશે.

## ગાંધીનગરમાં મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટકાવારીમાં કેટલો વધારો થશે તેની ચિંતા રાજકીય પક્ષોને સતાવી રહી છે. એક અનુમાન છે કે ગત વર્ષે જે ૫૦ ટકા મતદાન થયુ હતુ તેમાં ૧૦ ટકા જેટલો વધારો થશે.

આજે ૧૫ કિલો વજન કરતાં પણ વધુ વજન ધરાવતી કીટ સાથે પોલીંગ પાર્ટીઓ સવારના જ સમયે રવાના કરવામાં આવી હતી.

ગ્રામ્ય અને શહેરી વિસ્તારનો બનેલો આ સંસદીય મતવિસ્તારમાં ૧૦૦ ટકા મતદારો એપિક કાર્ડ ધરાવે છે.

આર્થિક રીતે સંવેદનશીલ ગણાયેલા આ મતવિસ્તારમાં ખર્ચ વ્યવસ્થાપન માટે પંચે બે ખર્ચ નિરીક્ષકો નીમ્યા છે. આ ઉપરાંત ૧૫૦ થી વધુ માઈક્રો ઓબ્ઝર્વર પણ તંત્રએ નીમી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવાની વ્યુહરચના અપનાવી છે.

આ બેઠક પર ભાજપના રાષ્ટ્રીય નેતા શ્રી લાલકૃષ્ણ અડવાણી ને કોંગ્રેસના કીરીટ પટેલ અને આમ આદમી પાર્ટીના રીતુરાજ મહેતા સહિતના ઉમેદવારો મેદાનમાં છે. જો કે આ બેઠક પર ત્રિપાંખીયો જંગ થશે તેમ રાજકીય નિરીક્ષકોનું માનવુ છે. ૧૨ જેટલા અપક્ષ ઉમેદવારો પણ કોનુ રાજકીય ભવિષ્ય બગાડશે તે પ્રશ્ન વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો જરૂર છે પરંતુ ગંભીર નથી.

આ બેઠક પર મહિલા મતદારો સૌથી વધુ નોંધાયેલી છે આમ છતાં આ ચૂંટણીમાં માત્ર એક મહિલા અપક્ષ ઉમેદવાર છે. યુવા મતદારોની સંખ્યા ૪૯ ટકા જેટલી છે.

આ ચૂંટણીમાં ઉમેદવારોએ સોશ્યલ મિડિયાને પ્રચારમાં અગ્રસ્થાન આપ્યુ છે. જો કે રોડ શૉ બધાએ કર્યા છે તેમજ ડોર ટુ ડોર મતદાર સંપર્ક અભિયાન પણ સેમ્પલ પીસમાં કર્યુ છે.

આ ચૂંટણીમાં બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષોએ બોલીવુડના કલાકારોને નિમંત્રી અને રોડ શૉ કર્યા હતા. મતદારોએ પણ નિરસ પ્રતિસાદ આપ્યો છે. આ સંસદીય મતવિસ્તારમાં કલોલ વિધાનસભા ખાતે મુખ્યમંત્રીશ્રી મોદીએ સભા પણ સંબોધી હતી.

ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં આ ચૂંટણીમાં ૧૫ હજારથી પણ વધુ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે.

## રાજ્યમાં મતદાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમયે ઓછું મતદાન થવાનું ભયસ્થાન વ્યકત કરવામાં આવી રહ્યાં છે. ૨૬ લોકસભા બેઠક વિસ્તારમાં કુલ ૪૫૩૮૦ મતદાન મથકો છે. આ ચૂંટણી -ક્રિયામાં એક લાખ સુરક્ષા જવાનો અને બે લાખ કર્મચારીઓ ફરજપર હાજર રહેશે. સંવેનદશીલ વિસ્તારોમાં વધારે તકેદારી રાખવાના પંચે પોલીસને આદેશ આપ્યા છે.

છેલ્લી ત્રણ ટર્મથી મુખ્યમંત્રી રહેલા નરેન્દ્ર મોદી પહેલીવાર લોકસભાની ચૂંટણી ગુજરાતના વડોદરા અને ઉત્તાર -દેશના વારાણસી મત વિસ્તારમાંથી લડે છે. વડોદરામાં તેમનો સીધો મુકાબલો કોંગ્રેસના મધુસુદન મિસ્ત્રી સામે છે. બીજી અતિ મહત્વની ગાંધીનગરની બેઠક ઉપરથી ભાજપના લાલકૃષ્ણ અડવાણી, અમદાવાદ પૂર્વની બેઠક પરથી ફિલ્મસ્ટાર પરેશ રાવલ આકર્ષણનું કેન્દ્ર છે. બીજી તરફ જામનગરમાં કોંગ્રેસના કાકા વિક્રમ માડમ અને ભાજપમાં ભત્રીજી પુનમ માડમ વચ્ચે સ્પર્ધા છે. કોંગ્રેસના દિગ્ગજ નેતા અને વિધાનસભામાં વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા સાબરકાંઠા બેઠક પરથી ચૂંટણી લડે છે.

ગુજરાતની આણંદ બેઠક ઉપરથી ભરત સોલંકી, બારડોલી બેઠક પરથી તુષાર ચૌધરી અને ખેડા બેઠક ઉપરથી દિનશા પટેલ ચૂંટણી લડી રહ્યાં છે અને આ ત્રણેય કેન્દ્રીય કેબિનેટમાં મંત્રી છે. તેમનું અસ્તિત્વ દાવ પર લાગ્યું છે. ભાજપના ૨૬ ઉમેદવારો પૈકી ૧૧ ઉમેદવારો આયાતી એટલે કે કોંગ્રેસમાંથી આવેલા છે જેમાં કોંગ્રેસના પૂર્વ અને હવે ભાજપના પટેલ લિડર વિઠ્ઠલ રાદડિયા પોરબંદર બેઠક પરથી એનસીપીના ઉમેદવાર કાંધલ જાડેજા સામે મુકાબલો કરી રહ્યાં છે.

ગુજરાતમાં ભાજપે ચાર અને કોંગ્રેસે માત્ર એક મહિલાને ટિકીટ આપી છે. કુલ ૩૩૪ ઉમેદવારો મેદાનમાં છે જે પૈકી સૌથી વધુ ૨૫ ઉમેદવારો જામનગરમાં અને સૌથી ઓછા ચાર ઉમેદવારો છોટાઉદેપુરમાં છે. રાજયની ૨૬ બેઠકો પૈકી ભાજપ પાસે અત્યારે ૧૭ બેઠકો છે જે ૨૦૦૯??? ૧૫ હતી. પેટા ચૂંટણીમાં ભાજપે કોંગ્રેસ પાસેથી બે બેઠકો લઈ લીધી છે. ભારતના ચૂંટણી પંચે પહેલીવાર મતદાનના સમયમાં બે કલાકનો સમય લંબાવ્યો છે.

## રેડ કાર્પેટ બિછાવાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ મતદારોને બી.એલ.ઓ. દ્વારા એક ખાસ પ્રમાણપત્ર પણ આપવામાં આવનાર છે. ગરમીની મોસમ હોવાને કારણે ખાસ છાંયડાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ મતદાન મથકમાં પેયજળ માટે તેમજ શૌચાલયની પણ સુવિધા છે.

વૃદ્ધ ચાલી ન શકતા તેમજ વિકલાંગ મતદારો માટે પણ આ આદર્શ મતદાન મથકમાં વ્હીલચેરની ખાસ સુવિધા રાખવામાં આવી છે.

કયુ મેનેજમેન્ટ પર વિશેષ ભાર આ મતદાન મથકોમાં રાખવામાં આવ્યો છે. જેમાં બે મહિલા મતદારો બાદ એક પુરૂષ મતદાર મતદાન કરી શકશે. આ બન્ને મતદારો માટે અલગ લાઈન જળવાઈ રહે તેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.